ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

## જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ પદે વિરેન્દ્રસિંહ વાઘેલા બિનહરિફ વરાયા

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ તરીકે કોંગ્રેસના શ્રી વિરેન્દ્રસિંહ વાઘેલા આજે વિધિવત રીતે ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા છે.

શ્રીમતિ હીના પટેલની અધ્યક્ષતામાં અને જિલ્લા કલેકટર ડૉ. પી.સ્વરૂપની ઉપસ્થિતિમાં આજે ખાસ સામાન્ય સભા મળી હતી. જેમાં આ હોદ્દા માટેની ચૂંટણી યોજવામાં આવી હતી. ભાજપ તરફથી કોઈ દરખાસ્ત રજુ થઈ ન હતી.

જિલ્લા કલેકટર ડૉ. સ્વરૂપે શ્રી વિરેન્દ્રસિંહ વાઘેલા નામની દરખાસ્ત એક જ મળી હોવાથી તેમને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. શ્રી વાઘેલાની જાહેરાત થતાં જ કોંગ્રેસી આગેવાનો અને સભ્યોએ શ્રી વાઘેલા પર અભિનંદનની વર્ષા કરી દીધી હતી.

શ્રી વિરેન્દ્રસિંહ વાઘેલા રાંધેજા-૨ બેઠક પરથી સૌથી વધુ સરસાઈ સાથે વિજેતા થયા છે. તેઓ કારોબારી સમિતિના ચેરમેન તરીકે પણ સેવાઓ આપી ચુકયા છે. યુવા ઉપપ્રમુખને પ્રથમ શ્રીમતી હીના પટેલે અભિનંદન આપ્યા હતા.

શ્રીમતી ઝાકણા બેનનું

અવસાન થયું છે. સ્વર્ગસ્થ રમણીકલાલ રામેશ્વરદાસ ત્રિવેદી (Advocate)નું દુઃખદ અવસાન તારીખ ૧૧-૦૨-૨૦૧૪ને મંગળવારના રોજ થયેલ છે. તેઓશ્રીનું બેસણું તારીખ ૧૩-૦૨-૨૦૧૪ને ગુરૂવારના રોજ સવારે ૮ થી ૧૧ દરમ્યાન અવસાન નિવાસસ્થાને રાખેલ છે.

નિવાસસ્થાન : પ્લોટ નં.૨૮, ગવર્નમેન્ટ ગુજરાતના પાસે, સેક્ટર-૧૬, ગાંધીનગર. ફોન નં. : ૨૩૨ ૧૦૦૨૬

સ્વ. રમણીકલાલ ત્રિવેદી (વકીલ)
હરીશ રમણીકલાલ ત્રિવેદી
પરાગ રમણીકલાલ ત્રિવેદી

ડૉ. હેમાલી અમૃત મુખ્તાકર
ડૉ. અમૃત એમ. મુખ્તાકર

બેસણું

અમારા પૂજ્ય માતુશ્રી
મં.સ્વ. શારદાબેન અમૃતલાલ શાહ
(ડાકલવાલા)
તા. ૦૭-૦૨-૧૯૨૮ ના રોજ જન્મ થયેલ તે તા. ૦૭-૦૨-૨૦૧૪ ના રોજ અવસાન પામેલ છે.
સદ્ગતનું બેસણું તા.૧૩-૦૨-૨૦૧૪ને ગુરૂવારના રોજ સવારે ૮:૩૦ થી ૧૨:૩૦ દરમ્યાન અવસાન નિવાસસ્થાને રાખેલ છે.

અમૃતલાલ શાહ (પુત્ર) | હેમલતાબેન અમૃ. શાહ (પુત્રી)
ધર્મેન્દ્રકુમાર અમૃતલાલ શાહ (પુત્ર) | તરૂબેન સં. શાહ (પુત્રી)
રાજેન્દ્રકુમાર અમૃતલાલ શાહ (પુત્ર) | (ભરૂચ-વડોદરા, ન્યુ.ઓ. લખનઉ)
(રાજુ શાહ R.T.O. ઓફિસ) | ભુપેન્દ્રભાઈ સં. શાહ (પુત્રી)

વિશ્વમાનવ બેસણું રિવાજોના સ્વાગત સાથે સમાજ હાકલ કરે છે કે માનવ જીવનને સાર્થક બનાવો. ૨૦૧૨-૧૩. સહયોગ મીડિયા ૨૩૨ ૧૬૧૧

# જિલ્લા આરોગ્ય મેળો ૧૬મીએ કલોલમાં

## રાજયના આરોગ્યમંત્રી નીતિન પટેલ આ મેળાને ખુલ્લો મુકશે : ૬ હજાર લાભાર્થીઓનો અંદાજ

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા આગામી ૧૬મી ફેબ્રુઆરીના રોજ જિલ્લાના મેગા આરોગ્ય મેળાનું આયોજન કલોલ ખાતે કરવામાં આવ્યું છે.

આ આરોગ્ય મેળાને રાજયના આરોગ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ ખુલ્લો મુકશે. ૬ હજારથી પણ વધુ લાભાર્થીઓને આ આરોગ્ય મેળામાં આવરી લેવાનું આયોજન તંત્ર દ્વારા કરવામાં આવ્યું છે. આ આરોગ્ય મેળામાં ન્યુરો ફિઝીશીયન સહિત તમામ સુપર સ્પેશ્યાલીટી તબીબોની સેવા ઉપલબ્ધ બનનાર છે.

જિલ્લામાં મુખ્યમંત્રી અમૃતમ યોજના 'મા' ના પાંચ હજારથી પણ વધુ લોકોને કાર્ડ આપવાનું આયોજન પણ આ મેળાની સાથે કરવામાં આવ્યું છે. ગરીબ પરીવારો માટે આરોગ્ય વિભાગે બનાવેલી આ મહત્વની યોજનાનો લાભ કેવી રીતે મળશે તેની જાણકારી પણ તંત્ર દ્વારા આપવામાં આવશે.

અગાઉ આવો મેળો મહેસાણા અને સાબરકાંઠા જિલ્લામાં થઈ ચુકયો છે. આ મેળાના આયોજનને લઈ આરોગ્ય તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

જિલ્લા આરોગ્ય તંત્રની વિવિધ યોજનાના લાભાર્થીઓને પણ આ મેળામાં સહાયોનું વિતરણ કરવામાં આવનાર છે. આખો દિવસ ચાલનારા આરોગ્ય મેળામાં વિવિધ તબીબી પરીક્ષણ સહિતની કામગીરી હાથ ધરવામાં આવનાર છે. જિલ્લા તંત્ર દ્વારા હાલ આ અંગે બેઠકોનો દોર ચાલી રહ્યો છે. આ મેળામાં રાજયના વિભાગીય સ્તરના આરોગ્ય અધિકારીઓ પણ હાજર રહેનાર છે.

## આવતીકાલે અમેરીકી રાજદૂત અને મોદી વચ્ચે ગાંધીનગરમાં બેઠક

નવી દિલ્હી,તા.૧૧

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી અને અમેરિકી અધિકારી નેન્સી પોવેલ વચ્ચે ગુરુવારના દિવસે એટલે કે ૧૩મી ફેબ્રુઆરીના દિવસે ગાંધીનગરમાં બેઠક યોજાય તેવી શક્યતા છે. બેઠક માટે પોવેલની વિનંતીને નરેન્દ્ર મોદીએ સ્વીકારી લીધી છે. વાસ્તવિક સમય અને તારીખને લઈને હજુ કોઈ નિર્ણય કરાયો નથી પરંતુ ૧૩મી ફેબ્રુઆરીના દિવસે આ વાતચીત થશે. પોવેલ ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર સાથે આગામી લોકસભાની ચૂંટણી સાથે સંબંધિત મુદ્દાઓ અને દેશ માટે તેમની યોજનાઓના સંદર્ભમાં વાતચીત કરવા ઈચ્છુક છે. પોવેલની વિધિવત વિનંતી પહેલા અમેરિકી દૂતાવાસના અધિકારીઓએ હાલમાં ગુજરાત સરકારના અધિકારીઓ સાથે વાતચીત કરી હતી.

આરાસુરી મા અંબાના પાવન શક્તિધામમાં ૫૧ શક્તિપીઠોનો પ્રતિષ્ઠા મહોત્સવ આરંભાયો છે... ત્રિદિવસીય મહોત્સવમાં આવતીકાલે મુખ્યમંત્રી પણ ઉપસ્થિત રહી આશીર્વાદ પ્રાપ્ત કરશે.

## શહેર બહારના એકમોનું ફાયર એનઓસી લેવા ફાંફા..!

**મહાનગર પાલિકાની રચના બાદ કોકડું ગુંચવાયુ : તાલુકા વિસ્તારમાં બનતા નવા યુનિટ કે એકમોને એનઓસી ક્યાંથી મેળવવું તે જ સમજાતુ નથી..!**

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગરમાં મહાનગર પાલિકાની રચના બાદ ફાયર એનઓસી તેના વિસ્તાર બહાર તાલુકામાં સ્થિત કોઈ એકમ કે યુનિટને મેળવવુ હોય તો કેવી રીતે લઈ શકે? આ પ્રશ્ન પેચીદો બન્યો છે. બિલ્ડરોએ બિલ્ડીંગ માટે એનઓસી મેળવવા તથા ખાનગી એકમોમાં પણ ફાયરનું એનઓસી મેળવવા વેપારીઓએ ફાંફા મારવા પડે તેવી સ્થિતિ ઉભી થઈ છે.

ગાંધીનગર ફાયરબ્રિગેડ દ્વારા પહેલા ગાંધીનગર શહેર તથા આસપાસના તાલુકાના વિસ્તારોમાં તમામ સ્થળોએ ફાયરનું એનઓસી યોગ્ય તપાસ અને સ્થળ મુલાકાત બાદ નિરીક્ષણ કરીને આપવામાં આવતું હતું. ગાંધીનગર મહાનગરપાલિકા બન્યા બાદ હવે ફાયરબ્રિગેડની કામગીરી મનપા હસ્તક આવી ગઈ છે. મહાનગર પાલિકા માત્ર તેમના વિસ્તાર પુરતુ જ કાર્ય કરી શકે એટલે કે ગાંધીનગર શહેર પુરતુ એનઓસી આપવાનું કાર્ય કરી શકે પરંતુ શહેર બહાર કે જ્યાં મનપા વિસ્તાર ન હોય તેવા તાલુકાના અન્ય સ્થળોએ નવા બનતા એકમો, બિલ્ડીંગો કે યુનિટોને એનઓસી કેવી રીતે અને કોણ આપે ? તે ઉપરાંત જુના એનઓસી મેળવેલને એનઓસી રીન્યુ કેવી રીતે તથા કોની પાસે કરાવવા તેના વલખા મારવાનો વારો આવ્યો છે. તાલુકા વિસ્તારમાં ફાયર એનઓસી આપવાની સત્તા નક્કી ચોક્કસ સ્થળેથી થાય તે જરૂરી બન્યું છે.

## ખૂણે... ...ખાંચરેથી

- જિલ્લા પંચાયતના ઉપપ્રમુખપદે બિન હરિફ વરણી પામેલા શ્રી વિરેન્દ્રસિંહ વાઘેલાએ આજે તેમના પક્ષના સભ્યો અને સ્નેહીજનોનો સરકીટ હાઉસ ખાતે ભોજન સમારંભ યોજયો હતો.
- નિવૃત્ત કાયદા વિભાગના અધિકારી શ્રીમતી કોકિલાબેન ત્રિવેદીના પતિ અને અગ્રણી એડવોકેટ શ્રી રજનીકાન્તભાઈ ત્રિવેદીનું દુઃખદ અવસાન થયું છે.
- મહિલા-બાળ વિકાસ વિભાગ દ્વારા માતા-યશોદા એવોર્ડ ૧૪મીએ મુખ્યમંત્રીશ્રી વાપીમાં અને જિલ્લામાં પ્રભારી મંત્રી દ્વારા એનાયત કરવામાં આવશે.
- જિલ્લા-તાલુકાની ખાલી પડેલી ચૂંટણીની જગ્યાઓ તાકીદે ભરવા માટે પંચે વધુ એક વખત આગ્રહ કર્યો છે.
- ત્રણ વર્ષ કરતાં વધુ સમય સુધી એક જ સ્થળે ફરજો બજાવતા અધિકારીઓની બદલીનો ઘાણવો કાઢવાની કવાયત તેના અંતિમ તબક્કામાં હોવાનું સચિવાલયના સૂત્રોએ કહ્યું છે.

# એસટીના મુસાફરો માટે વેઈટીંગ વાનનો પ્રારંભ

## પ્રાયોગિક ધોરણે બે વેઈટિંગ વાન મુકવામાં આવી : વિવિધ સુવિધાઓ ઉપલબ્ધ

ગાંધીનગર, તા. ૧૧

એસ.ટી. બસની રાહ જોઈને આકરા તડકામાં કે વરસતા વરસાદમાં ઉભા રહેતા મુસાફરોની સુવિધા માટે એસ.ટી.એ આરામદાયક વેઈટીંગ વાન ખુલ્લી મુકી છે. પ્રારંભમાં આવી બે વાન શરૂ કરવામાં આવી છે.

આ પ્રયોગ સફળ થતા આગામી દિવસોમાં અન્ય સ્થળોએ આવી વધુ વેઈટીંગ વાન શરૂ કરાશે. સામાન સાથે રસ્તે રઝળતી હાલતમાં રહેવાની મુશ્કેલી આ યોજનાથી દૂર થશે. હાલમાં આવી બે વાન અમદાવાદમાં મુકવામાં આવી છે. જે પૈકીની એક વાન ઉજાલા સર્કલ, એસ.જી. હાઈવે પર ઉભીરહેશે. જ્યારે અન્ય એક વાન પૂર્વ વિસ્તારમાં મણીનગર ખાતે રેલવે સ્ટેશનની નજીક ઉભી રહેશે.

મુસાફરો માટે બનાવવામાં આવેલી આ વેઈટીંગ વાનમાં ટિકીટ માટે મુસાફરોને દોડાદોડી ન થાય તે માટે ઓનલાઈન બુકિંગ તેમજ કરન્ટ બુકિંગની વ્યવસ્થા કરવામાં આવી છે. ગામડાના અથવા ઓછું ભણેલા લોકો માટે જે તે રૂટની માહિતી માટે એક માઈકની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. એસટી.ના કર્મચારીઓ દ્વારા અન્ય રૂટ પરથી ઉપડતી બસની માહિતી પણ આ વાનમાંથી જ આપી દેવામાં આવશે. આ વાનની અન્ય સુવિધાઓની વાત કરીએ તો બસની અંદર શુદ્ધ પાણીની વ્યવસ્થા બસમાં જ કરવામાં આવી છે. મનોરંજન માટે બસમાં એક ટીવી મુકવામાં આવ્યું છે. આ ઉપરાંત દૈનિક સમાચારપત્રો પણ બસમાં ઉપલબ્ધ હશે.

Govt. of India Regd. No. 38383 / 82 *માલિક - પ્રકાશક - મુદ્રક :* પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. *તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧* E-mail : gandhinagarsamachar@yahoo.com